UK Government

# ઇમરજન્સી એલર્ટ સિસ્ટમ

નવી ઇમરજન્સી એલર્ટ સેવા હવે ઉપલબ્ધ છે.જો આપાતકાલિન સમયે લોકોના જીવન જોખમમાં હોય તો આ સિસ્ટમ મોબાઈલ ફોન મારફત સંપર્કમાં આવવામાં લોકોને મદદરૂપ થશે.આ સેવાનો ઉપયોગ ભયંકર પૂર જેવી જીવનને જોખમાવતી આપાતકાલિન સ્થિતિ અંગે તમને ચેતવણી આપવા માટે કરવામાં આવશે.

ઇમરજન્સી એલર્ટ્સ એવા સંદેશા છે કે જેને તમારા વિસ્તારમાં તમારા જીવન, આરોગ્ય અથવા મિલકતને જોખમ હોય ત્યારે તમામ 4G અને 5G કોમ્પીટીબલ મોબાઇલ ફોનમાં મોકલવામાં આવે છે.તેને તમારા ફોન નંબરની અથવા તમારું લોકેશન ટ્રેક કરવાની જરૂર નથી.માત્ર સરકાર અને ઇમરજન્સી સેવાઓ જ સંદેશાઓ મોકલી શકે છે.તમે **gov.uk/alerts** પર ચેતવણી સાચી છે કે કેમ તે તપાસી શકશો.ઇમરજન્સી એલર્ટ સરકાર દ્વારા લોકોને આપાતકાલિન સ્થિતિઓ વિશે માહિતી પહોંચાડવાના માધ્યમો પૈકીનું માત્ર એક જ માધ્યમ રહેશે.તેથી જો તમારી પાસે મોબાઇલ ફોન ન હોય તો ચિંતા ન કરશો - તમને મીડિયા અને સ્થાનિક આપાતકાલિન સેવાઓ દ્વારા પણ માહિતગાર કરવામાં આવશે.

ઇમરજન્સી એલર્ટ એ SMS 'ટેક્સ્ટ મેસેજ' જેવા અન્ય પ્રકારના સંદેશાઓ કરતાં ઘણા અલગ દેખાય છે અને અલગ સંભળાય છે.જો તમને ઇમરજન્સી એલર્ટ મળે તો તેની તમને ખબર પડશે કારણ કે તમને મોટેથી સાયરન વાગવા જેવો અવાજ સંભળાશે અને તમારો ફોન એક ખાસ વાઇબ્રેશનનો ઉપયોગ કરશે.તમારી સ્ક્રીન પરનો સંદેશ તમને આપાતકાલિન સ્થિતિ વિશે અને તમારે શું કરવાની જરૂર છે તેના વિશે જણાવશે.તમારા ફોનના ફીચર્સના આધારે, ચેતવણી સ્ક્રીનને મોટી કરીને સંદેશ દેખાડશે અને વોલ્યુમ સેટિંગ્સને ઓવરરાઇડ કરીને પણ તમને સંદેશ સંભળાવી શકે છે.ફોનમાંથી આવતો ખાસ અવાજ એવા લોકો પણ સાંભળી શકે એવો હોવો જોઈએ કે જેઓ સાંભળવાના મશીનનો ઉપયોગ કરે છે.

તમે ઇમરજન્સી એલર્ટનો ઉપયોગ ન કરવાનો વિકલ્પ પસંદ કરી શકો છો, જો કે અમે એવી આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ કે લોકો આ સેવાનો ઉપયોગ ન કરવાનો વિકલ્પ પસંદ ન કરે, કારણ કે તેનો હેતુ જીવન જોખમાવતી સ્થિતિ હોય ત્યારે તમને ચેતવણી આપવાનો છે.જો તમે ઉપયોગ ન કરવાનો વિકલ્પ પસંદ કરવા માંગતા હોવ, તો 'ઇમરજન્સી એલર્ટ' માટેના તમારા સેટિંગ્સ શોધો અને ઇમરજન્સી એલર્ટ બંધ કરો.જો તે કામ કરતું નથી તો કૃપા કરીને તમારા ડિવાઇસના ઉત્પાદકનો સંપર્ક કરો. વધુ માહિતી માટે gov.uk/alerts/opt-out પર જાઓ

UK Government

ભવિષ્યમાં તમને તમારા ફોનમાં ચેતવણી મળી શકે છે, જો તમે આવું કરો છો, તો કૃપા કરીને ચેતવણીને ધ્યાનપૂર્વક વાંચો અને સૂચનાઓનું પાલન કરો.કૃપા કરીને જો તમને ફરીવાર ચેતવણી મળે તો તેનું ફોર્મેટ અને તેની ઓળખ યાદ રાખો.તે કેવી રીતે કામ કરે છે તેના અંગે વધુ જાણવા માટે, gov.uk/alerts પર અમારો વિડિયો જુઓ.

## સિસ્ટમનું પરીક્ષણ

નવી ઇમરજન્સી એલર્ટ સિસ્ટમનું પરીક્ષણ 23મી એપ્રિલના રોજ બપોરે 15.00 કલાકે (3:00 PM) રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવશે.ઇમરજન્સી એલર્ટ એ તમારા મોબાઇલ ફોનની સ્ક્રીન પર સંદેશ સાથેનો મોટેથી સાયરન વાગવા જેવો અવાજ છે.વધુ જાણવા માટે, gov.uk/alerts ની મુલાકાત લો

## વાહન ચલાવતા લોકો માટે ચેતવણી

તમે મોટરસાઇકલ ચલાવતા હોવ અથવા પાછળ બેઠા હોવ ત્યારે મોબાઇલ ફોન હાથમાં પકડી **ન રાખવો જોઇએ**.આવું કરવું એ ગેરકાયદેસર છે.જો વાહન ચલાવતી વખતે તમને ચેતવણી મળે તો તમારો ફોન ઉપાડશો નહીં અને સંદેશ જોવાનો પ્રયત્ન કરો નહિ.તમારા વાહન પર સંપૂર્ણ નિયંત્રણ રાખીને સામાન્ય રીતે વાહન ચલાવતા રહો.જો તમને તમારો ફોન જોવાની જરૂર લાગે તો તમારે રસ્તાની બાજુ પર ઉભા રહેવા માટે પ્રથમ સલામત અને કાયદા દ્વારા પરવાનગી હોય એવી જગ્યા શોધવી જોઈએ.

VCS Emergencies Partnership

*This translation has been commissioned by the VCS Emergencies Partnership. Content is as published by the Cabinet Office.*